## સંક્ષિપ્ત સમાચાર

### માંકણા ગામે પરિણીતાએ ફાંસો ખાધો

કામરેજ: મૂળ ભાવનગરના મોટાજાદર વતની અને હાલ કામરેજના માંકણાની શિવ સમરાયણ સોસાયટીમાં મકાન નં.123માં રહેતાં વર્ષાબેન નરસિંહભાઈ નાગોથા(ઉં.વ.32) છેલ્લા ઘણા સમયથી માનસિક તણાવમાં રહેતાં હતાં. શુક્રવારે બપોરે 12.30 કલાકે વર્ષાબેનએ બેડરૂમમાં પંખાની હૂક સાથે કપડાં સૂકવવાની દોરી બાંધી ફાંસો ખાઈ લેતાં સારવાર માટે 108માં ચલથાણની સંજીવની હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ભરૂચમાં પત્નીને ફોન કરવા બાબતે ઠપકો આપતાં રિક્ષાચાલક પર હુમલો

ભરૂચ: ભરૂચના સુથીયાપુરા વિસ્તારમાં રહેતા રિક્ષાચાલક માનવ તરાઇની પત્નીને મિત રાણા નામનો યુવક વારંવાર ફોન કરી હેરાન કરતો હતો. આ બાબતે ઠપકો આપવા ગયેલા રિક્ષાચાલક પર મિત, બિટ્ટુ, જેની અને તેની પુત્રીએ ભેગા મળી ઢીક્કાપાટુ તથા લાકડાના સપાટા વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત યુવકને સિવિલ હોસ્પિટલ ખસેડાયો છે. ભરૂચ 'એ' ડિવિઝન પોલીસે ચાર હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બલેશ્વરમાં અકસ્માતમાં યુવાનનું મોત

પલસાણા: બલેશ્વર ગામની સીમમાં નેશનલ હાઈવે 48 પર હિટ એન્ડ રનની ગમખ્વાર ઘટના બની છે. મધ્યપ્રદેશના વતની અને કલાકૃતિ મીલમાં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા ૨૩ વર્ષીય શિવશંકર સિંહ ગત રાત્રે મોટરસાઇકલ ન.(GJ-05-BF-4176) પર જઈ રહ્યા હતા, ત્યારે રિલીફ હોટલ પાસે અજાણ્યા વાહન ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી શિવશંકરનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. પલસાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સાયણમાં ઓરિસ્સાના શ્રમિકે ફાંસો ખાધો

સાયણ: મૂળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાનો શ્રમિક હરિહર પદ્મચરણ સ્વાઈન(ઉં.વ.પ૨) હાલમાં સાયણ- ગોથાણ રોડની ભક્તિધારા સોસાયટીના ફ્લેટ નં.૧૦૧,એ/૦૨ માં રહેતો હતો અને ટેક્સટાઇલ યુનિટમાં કામ કરતો હતો. ગુરૂવાર,તા.૦૭ ના રોજ સવારે-૮:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન તેણે ઘરના હોલની સિલીંગમાં લગાવેલ પંખાની હુક સાથે દોરીનો એક છેડો બાંધી બીજો છેડો પોતાના ગળે બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ બાબતે તેમના ચિરંજીવી સ્વાઈને ઓલપાડ પોલીસને જાણ કરી હતી.

### કામરેજના હલધરુ ગામમાં ફાંસો ખાતી પરિણીતાને સાસુએ બચાવી

કામરેજ: મૂળ ઉત્તરપ્રદેશની અને હાલ કામરેજ તાલુકાના હવલધરૂ ગામમાં આવેલી સોસાયટીમાં પ્રેમલગ્ન કરીને એક પરિણીતા રહે છે. તેને સાસુ સાથે પરિણીતાને નાની મોટી વાતોમાં ઝઘડો થતો હતો. બુધવારના રોજ પરિણીતાના જેઠ કપડાની બેગ કીધા વગર સુરત લઈ જતાં પતિ-પત્નિ વચ્ચે સામાન્ય બોલાચાલી થઇ હતી. જે વાતનું ખોટું લાગી આવતા બેડરૂમમાં જઈને સાડી વડે ફાંસો ખાવાનો પ્રયાસ કરતાં પરિણીતાની સાસુ જોઈ જતાં પકડી લીધી હતી. જે અંગે કામરેજ પોલીસે જાણવા જોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજપીપળામાં ગેરકાયદે પોલ્ટ્રીફાર્મ બંધ કરવા રહીશોની માંગ

રાજપીપળા: રાજપીપળાના લાલ ટાવર કાળકા માતા રોડના રહીશોએ રહેણાક વિસ્તારમાં ચાલતા ગેરકાયદે 'પેરેડાઇઝ મરઘાં કેન્દ્ર' સામે જિલ્લા તંત્રને આવેદનપત્ર પાઠવ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે પોલ્ટ્રીફાર્મથી ફેલાતી ગંદકી અને દુર્ગંધને કારણે આરોગ્ય જોખમાયું છે. નવાપુર-નંદુરબારમાં બર્ડ ફ્લૂના કહેર વચ્ચે રહીશોમાં ભારે ભય પેઠો છે. અગાઉ નગરપાલિકા દ્વારા રૂ. ૨૫,૦૦૦નો દંડ ફટકારવા છતાં પ્રદૂષણ યથાવત રહેતાં રહીશોએ ફાર્મ કાયમી બંધ કરવાની માંગ કરી છે. રજૂઆતને પગલે પ્રાંત અધિકારીએ સ્થળ પર નિરીક્ષણ કરી યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી હતી.

### જોળવા ગામે યુવકે ફાંસો ખાધો

પલસાણા: મૂળ મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના દલવાડે ગામના વતની અને હાલ પલસાણાના જોળવા સ્થિત આરાધના લેકટાઉન, વિભાગ-૨, મકાન નંબર ૪૯૫માં રહેતા ભાવસાહેબ હિરાલાલ અહિરે (ઉં.વ. ૪૦) નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગઇ તારીખ ૦૭ મે ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યા પહેલા તેમણે તેમના બેડરૂમમાં સીલિંગ પંખા સાથે સાડી વડે ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ તેમના ભાઈ રાકેશભાઈ અહિરે દ્વારા પલસાણા પોલીસને કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તેણે કયા કારણસર આપઘાત કર્યો તેની તપાસ શરુ કરી છે.

### અંકલેશ્વરમાં મિત્રની કાર બારોબાર ગીરવે મૂકી ઠગાઈ, 4 સામે ગુનો

અંકલેશ્વર: અંકલેશ્વરમાં મિત્રતાનો ગેરફાયદો ઉઠાવી કાર હડપ કરી જવાની ઘટના સામે આવી છે. જ્યોતિ ટોકીઝ પાસે ગેરેજ ધરાવતા ફરિયાદી પાસેથી ગત 5 માર્ચના રોજ આકાશ લીમ્બાચીયા અને સની મોદી નામના બે શખ્સો સાત દિવસ માટે બલેનો કાર લઈ ગયા હતા. જો કે, માલિકની જાણ બહાર આ કાર રાજપીપળાના શહેનશાહ તડવી અને ત્યારબાદ નિમેષ ભટ્ટને ગીરવે આપી આર્થિક લાભ મેળવ્યો હતો. વિશ્વાસઘાત અને છેતરપિંડીના આ મામલે અંકલેશ્વર પોલીસે ચારેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

### વડોદમાં રૂ.૩.૧૪ લાખનો દારૂ ઝડપાયો

સાયણ: સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે ઓલપાડના વડોદમાં પેટ્રોલિંગ દરમિયાન એક બ્રેઝા કાર નં.(જીજે-૦૫, આર.ડી.૬૮૧૭)માંથી રૂ.૩.૧૪ લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે પિંજરતના આહીરવાસમાં રહેતા બુટલેગર હિતેશ મહાદેવ પટેલ (ઉં.વ.૩૨)ની ધરપકડ કરી ૧૨૬૦ નંગ બોટલ, કાર અને મોબાઈલ મળી કુલ રૂ.૫.૧૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દારૂનો જથ્થો સપ્લાય કરનાર અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કરી કીમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢની પ્રતિમા રેસિડેન્સીના રહીશો ૨૬ વર્ષથી પાયાની સુવિધાથી વંચિત

સોનગઢ: સોનગઢની પ્રતિમા રેસીડેન્સીના રહીશોએ બિલ્ડર અને માલિકો સામે ગંભીર આક્ષેપો કર્યા છે. આક્ષેપ મુજબ, વર્ષ-૨૦૦૦ના એન.એ. પ્લાન સાથે ચેડાં કરી કોમન પ્લોટની જગ્યા વેચી દેવામાં આવી છે. પરિણામે, સોસાયટીમાં બાલમંદિર કે આરોગ્ય કેન્દ્ર જેવી સુવિધાઓ નથી, જેના કારણે મહિલાઓએ બાળકોને ૩ કિમી દૂર લઈ જવા હાઈવે પાર કરવો પડે છે. રહીશોએ વહીવટી તંત્ર પાસે ગેરરીતિની તપાસ કરી ન્યાય અને કોમન પ્લોટની જગ્યા પરત અપાવવા માંગ કરી છે.

# અંકલેશ્વરની કેડિલા કંપનીમાં બ્લાસ્ટ બાદ આગ: 2 દાઝ્યા

**એમપીપી-2** પ્લાન્ટમાં સોડિયમ કાર્બોનેટ લોડિંગ દરમિયાન અકસ્માત, ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લીધી


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કેડિલા ફાર્માસ્યુટિકલ કંપનીમાં બપોરના સમયે બ્લાસ્ટ બાદ આગ લાગવાની ગંભીર ઘટના સામે આવી છે. પ્લાન્ટમાં થયેલા આ અકસ્માતમાં બે કામદારો ગંભીર રીતે દાઝી જતાં ઉદ્યોગ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ કંપનીના એમપીપી-૨ પ્લાન્ટમાં સોડિયમ કાર્બોનેટ લોડ કરવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ થતા જ પ્લાન્ટના એક ભાગમાં આગ ફાટી નીકળી હતી. ઘટનાના પગલે કંપની પરિસરમાં કામ કરતા કર્મચારીઓમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સુરક્ષાના ભાગરૂપે કામદારોને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા.

આ અકસ્માતમાં દદોલ પ્રસાદ પ્રકાશ સિંહ (રહે.,સોનમ સોસાયટી, ગડખોલ) તથા ભાઈલાલ પરમાર (રહે.,અંદાડા) ગંભીર રીતે દાઝી ગયા હતા. બંને ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે ભરૂચની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી તેમની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યા હતા. તબીબોના જણાવ્યા અનુસાર બંનેની હાલત નાજૂક હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં અંકલેશ્વર ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી.

આગ ફેલાય નહીં તે માટે આસપાસના પ્લાન્ટ વિસ્તારમાં સુરક્ષાત્મક પગલાં લેવામાં આવ્યાં હતાં. આ બનાવને પગલે ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ દ્વારા અકસ્માતનાં કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક રીતે ટેક્નિકલ ખામી કે કેમિકલ રિએક્શનને કારણે બ્લાસ્ટ થયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સાથે જ પોલીસે પણ ઘટના અંગે તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાએ ફરી એકવાર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કેમિકલ અને ફાર્મા કંપનીઓમાં સુરક્ષા વ્યવસ્થાઓ અંગે પ્રશ્નો ઊભા કર્યા છે. સ્થાનિકોમાં પણ ચિંતા વ્યાપી છે કે આવા અકસ્માતોને રોકવા માટે સેફ્ટી માપદંડોનું કડક પાલન જરૂરી બન્યું છે.

# વાઘપુરામાં ટ્રક રિવર્સ લેતાં 3 વર્ષીય બાળકીનું મોત, 3 ઘાયલ

**સિલિકા** પ્લાન્ટમાં સિલિકા બેગ ભરવાની કામગીરી વેળા બનેલી ઘટના



ભરૂચ: ઝઘડિયાના સરકારી વાઘપુરા સિલિકા પ્લાન્ટમાં સિલિકા બેગ ભરવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે એક ટ્રક ચાલકે ગંભીર બેદરકારી દાખવી હતી. ચાલકે જોયા વગર ટ્રક રિવર્સ લેતાં ત્યાં રમી રહેલી 3 વર્ષની માસૂમ બાળકી ટાયર નીચે આવી જતાં મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે.

અકસ્માતમાં મૃત્યુ પામનાર બાળકીની ઓળખ 3 વર્ષની દિવ્યા પરમાર તરીકે થઈ હતી. ટ્રકનું તોતિંગ ટાયર દિવ્યાના માથા પર ચઢી જતાં દૃશ્યો જોઈને પ્લાન્ટમાં હાજર લોકોનાં કાળજાં કંપી ગયાં હતાં. ઘટના બાદ તરત જ લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું અને વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ જીવલેણ અકસ્માતમાં તેની સાથે રમી રહેલા અન્ય 3 બાળક આર્યન પરમાર, રિયા પરમાર અને અર્જુન ભુરીયાને ગંભીર ઈજા થઈ છે. ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. બીજી તરફ પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતક બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે ગુનો નોંધી ટ્રક કબજે લીધી છે અને ટ્રક ચાલક સામે બેદરકારીપૂર્વક વાહન ચલાવવા તેમજ જાનલેવા અંગેની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## કેવડિયામાં ૨૦ રૂપિયાની સિગારેટ બાબતે ઝઘડો થતાં આધેડ પર હુમલો

રાજપીપળા: ગરુડેશ્વરના કોઠી ગામના રહીશ અને કેવડિયા કોલોની ખાતે સાઈકલ રિપેરિંગની દુકાન ચલાવતા વિનુભાઈ તડવી (ઉં.વ.૪૯) પર 20 રૂપિયાની સિગારેટ બાબતે હુમલો થયો હતો. ગત તા.૬/૫/૨૦૨૬ના રોજ સાંજે પોણા સાતેક વાગ્યે વિનુભાઈ પોતાની દુકાનેથી ઘરે જઈ રહ્યા હતા, ત્યારે કેવડિયા જી.આઈ.ડી.સી. ઝૂંપડપટ્ટી પાસે કલ્પેશ ઉર્ફે બોબી રામુભાઈ તડવીના ગલ્લા પર સિગારેટ લેવા ઊભા રહ્યા હતા. વિનુભાઈએ સિગારેટના ૨૦ રૂપિયા આપ્યા હોવા છતાં કલ્પેશે જૂના ૧૦૦ રૂપિયા બાકી હોવાનું કહી ગાળાગાળી શરૂ કરી લાકડાથી ઘૂંટણ નીચે ફટકો માર્યો હતો. ઘટના બાદ ઈજાગ્રસ્ત વિનુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## ગુજરાત સ્ટેટ કો-ઓપ ફેડરેશનની સાધારણ સભા સંપન્ન

બારડોલી: ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ફ્રૂટ એન્ડ વેજિટેબલ માર્કેટિંગ ફેડરેશનની 63મી વાર્ષિક સાધારણ સભા શુક્રવારના રોજ પ્રમુખ રાજેશ પટેલના અધ્યક્ષ સ્થાને સંસ્થાના સભાખંડમાં મળી હતી. જેમાં એજન્ડાનાં તમામ કામોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રમુખ સ્થાનેથી સંબોધન કરતાં રાજેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વૈશ્વિક મંદીના પડકારો વચ્ચે પણ આપણી સંસ્થાએ અવિરત કાર્ય કરી રહી છે. તેમણે વાર્ષિક હિસાબ અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે, સંસ્થાએ 2026-26ના વર્ષમાં 242.72 કરોડનો રસાયણિક ખાતરોનું વેચાણ કરી પ્રગતિ જાળવી રાખી છે. આ પ્રસંગે સહકારી અગ્રણી ભિખાભાઈ પટેલ, બારડોલી સુગર ફેક્ટરીના ઉપપ્રમુખ ભાવેશ પટેલ, બાબેન જીનના પ્રમુખ કશ્યપભાઈ પટેલ, સરદાર બાગાયત પ્રમુખ સંજય પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓલપાડના એરથાણમાં ફાર્મ હાઉસમાંથી 8 જુગારી ઝડપાયા

**જિલ્લા** એલસીબીએ રૂપિયા 84,600ની કિંમતનો મુદ્દામાલ કબજે લીધો


ઈલ્યાસ શેખ

પલસાણા, સાયણ : ઓલપાડ તાલુકાના એરથાણ ગામની સીમમાં આવેલ ધી મેપલ ટ્રી ફાર્મ હાઉસમાં ચાલતા જુગાર ધામ ઉપર દરોડા પાડી સુરત જિલ્લા એલસીબીની ટીમે 8 જુગારીઓને ઝડપી પાડી જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે તેમની પાસેથી 84600 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

સુરત જિલ્લા એલસીબીને બાતમી મળી હતી કે, ઓલપાડના એરથાણમાં ધી મેપલ ટ્રી ફાર્મ હાઉસમાં ફાર્મ નં.32માં ભાવેશ હિંમતભાઈ સોલંકી (રહે કાપોદ્રા, સુરત) ફાર્મ હાઉસ ભાડેથી રાખી બહારથી માણસો બોલાવી ફાર્મહાઉસમાં પૈસા વડે ગંજીપાનાનો હારજીતનો જુગાર રમે છે. આથી પોલીસે સ્થળ પર છાપો માર્યો હતો. પકડાયેલા જુગારીઓમાં સંજયભાઈ લાલજીભાઈ ઉર્ફે ભિખાભાઈ સોજીયા (ઉ.વ.42, રહે ઓપેરા પેલેસ, લસકાણા, તા. કામરેજ, મૂળ રહે., માખીયાળા, તા. જિ.જૂનાગઢ), નિતિનભાઈ લિંબાભાઈ દેસાઇ (ઉ.વ.60, રહે રાજકોટ મહુડી ચોક), પરસોત્તમ ભીમજીભાઈ પટેલ (ઉ.વ.60, રહે શ્રીનાથજી બંગલોઝ, મોટા વરાછા, સુરત મૂળ રહે, ગારિયાધાર, ભાવનગર), દિલિપભાઈ મોહનભાઈ મુલાણી (ઉ.વ.58, પ્રમુખ પાર્ક યોગી ચોક, સુરત, મૂળ રહે ગારિયાધાર), ભાવેશભાઈ હિંમતભાઈ સોલંકી (રહે ભગીરથ સોસાયટી, કાપોદ્રા, સુરત, મૂળ રહે ચીતલ, તા. બાબરા), નિતેશભાઈ પ્રફુલભાઈ ઉમરેટિયા (ઉ.વ.34, રૂક્ષમણી સોસાયટી, પુણા, સુરત, મૂળ રહે આઝાદચોક, જૂનાગઢ), ભાવેશભાઈ કનુભાઈ વસોયા (ઉ.વ.44 ગોકુલ કોમ્પ્લેક્સ સાયણ રોડ, અમરોલી, સુરત, મૂળ રહે જેતપુર, રાજકોટ) અને રસિકભાઈ મનસુખભાઈ જીવાણી, (ઉ.વ.57, રહે સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્સ, પાસોદરા, સરથાણા જકાતનાકા સુરત)નો સમાવેશ થાય છે.

# તિલકવાડાના અગર નજીક જેસીબીના જેક સાથે બાઈક અથડાતાં યુવકનું મોત

રાજપીપળા: અગર સીમ રોડ પર ઊભેલા જેસીબી મશીન સાથે મોટરસાઈકલ અથડાતા તિલકવાડાના કાકડીયા ગામના એક 32 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર કાકડીયા ગામના વાસુદેવભાઈ બાલુભાઈ ભીલ (ઉં.વ. 32) ગત રાત્રિના સાડા આઠ વાગ્યાના સુમારે પોતાની મોટરસાઈકલ નં. (GJ-01-BN-8422) લઈને અગર તરફ જઈ રહ્યા હતા. તે સમયે અગર ચોકડીથી આશરે 200 મીટર દૂર એક જેસીબી મશીન નં.(GJ-06-DH-1341) ટાયર પંક્ચર થવાને કારણે રસ્તા પર ઊભું હતું. અંધારામાં વાસુદેવભાઈની બાઈક જેસીબીના પાછળના ભાગે નીકળેલા સ્ટેબીલાઈઝર (જેક) સાથે જોરભેર અથડાઈ હતી.

આ બનાવમાં વાસુદેવભાઈને માથાના જમણી બાજુના ભાગે અને કપાળ પર ગંભીર ઈજાઓ પહોંચી હતી. પુષ્કળ લોહી વહી જવાથી તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ મૃતકના કાકા વિઠ્ઠલભાઈ ભીલ સહિત ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા. અકસ્માતને પગલે સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશને પોસ્ટમોર્ટમ માટે તિલકવાડા સરકારી હોસ્પિટલ ખસેડી હતી. મૃતક યુવક પોતાની પાછળ પત્ની, ત્રણ સંતાનો અને વૃદ્ધ માતાને વિલાપ કરતા છોડી ગયો છે. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગમાં આકરી ગરમી વચ્ચે માટલાં મુકાયાં


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગના ડુંગરાળ માર્ગો પર જ્યારે સૂર્ય આકરા મિજાજે અગનગોળા ફેંકે છે, ત્યારે કુદરત અને માનવતા હાથ મિલાવીને વટેમાર્ગુઓની વહારે આવે છે. આ ફોટો માત્ર એક કાળા માટલાનો નથી, પણ આદિવાસી પંથકની એ ઉદાર પરંપરાનો છે. જ્યાં તરસ્યાને પાણી પાવું એ પરમ ધર્મ માનવામાં આવે છે. એક બાજુ ઘેઘૂર લીમડાની શીતળતા છે અને બીજી બાજુ માટીની સુગંધથી મહેકતું આ જળ, જે કોઈ પણ થાકેલા મુસાફરના જીવમાં જીવ પરોવવા માટે પૂરતું છે. રસ્તાના કિનારે ઊભેલું આ એકલવાયું માટલું જાણે મૂંગા મોઢે સાક્ષી પૂરે છે કે, ભલે ધરતી ધખતી હોય, પણ માનવતાના હૃદય હજુ ય ટાઢક આપે તેવા જીવંત છે.

### વાલિયા AMPC ચેરમેનની ઊર્જામંત્રીને ખેડૂતોના હિત માટે રજૂઆત

ભરૂચ: વાલિયાના ડહેલી સબ સ્ટેશન અંતર્ગત સૂર્ય શક્તિ યોજના હેઠળ ખેડૂતોને સોલાર ઊર્જાથી ખેતી કરવાનું સપનું હવે આફત બન્યું છે. વાલિયા AMPCના ચેરમેન અને ખેડૂતોના હિમાયતી યોગેન્દ્રસિંહ જે. મહિડાએ રાજ્યના ઊર્જા મંત્રીને લેખિત રજૂઆત કરી છે. આ યોજના હેઠળ કુલ 93 ખેડૂતોને સોલર ઉર્જા વડે ખેતીવાડી કનેક્શન આપીને ગ્રાહકો બનાવવામાં આવ્યા હતા. આ એક ખાનગી પ્રોજેક્ટ હતો, જે સરકાર દ્વારા લાગુ કરાયો હોવાથી ખેડૂતોમાં વિશ્વાસ પેદા થયો હતો. તેઓને આશા હતી કે પોતાના ખેતરમાં સોલાર પેનલથી વીજળી ઉત્પન્ન કરી સ્વનિર્ભર બની શકશે. યોગેન્દ્રસિંહ મહિડાએ લેખિત પત્રમાં વધુ જણાવ્યું હતું કે, "ખેડૂતોએ મારી સમક્ષ દુ:ખ સાથે વેદના ઠાલવી છે. વીજળી મળવાને બદલે હવે તેમને મસમોટાં બિલ ભરવાની નોટિસો આપવામાં આવી રહી છે. ખેડૂતોએ આ બાબતે વારંવાર રજૂઆત કરી છતાં કોઈ સમાધાન નથી થયું." તેમણે વધુમાં ઉમેર્યું કે, આ મામલો રાજ્યના ઊર્જા મંત્રી સમક્ષ લેખિત ધારદાર રજૂઆત કરવામાં આવી છે, જેથી ખેડૂતોને થતી નાણાકીય તકલીફોનો ઉકેલ લાવી શકાય એવી રજૂઆત કરી હતી.

### રાજપીપળામાં જુગાર રમતા 9 પકડાયા

રાજપીપળા: ગરૂડેશ્વરના ધોબીસાલ ગામે પોલીસે જુગાર અંગે સફળ દરોડો પાડ્યો હતો. બાતમીના આધારે પોલીસે ભાથીજી દાદાના મંદિર સામે સ્ટ્રીટ લાઈટ નીચે ખુલ્લી જગ્યામાં રેડ પાડી હતી, જ્યાં જાહેરમાં પત્તાં વડે હાર-જીતનો જુગાર રમતા 9 ઇસમ રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે આ કાર્યવાહી દરમિયાન વિનુભાઈ ભીલ, ચતુરભાઈ ભીલ, રાકેશભાઈ ભીલ, મહેશભાઈ ભીલ, રાકેશ એચ.ભીલ, વસંતભાઈ ભીલ, પરેશભાઈ ભીલ, શૈલેશભાઈ ભીલ અને અક્ષયભાઈ ભીલની અટકાયત કરી છે. સ્થળ પરથી રોકડા રૂ.8,250, દાવ પરના રૂ.2,870 અને રૂ.15,000ની કિંમતની એક મોટરસાઇકલ મળી કુલ રૂ.26,120નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### છમુછલની કોરિનોલ કંપનીમાં આગ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: છમુછલમાં આવેલી કોરિનોલ યાર્નની ફેક્ટરીમાં રાત્રિના નવેક વાગ્યાના સુમારે આગ લાગતાં નાસભાગ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં ફાયર ટીમ અને પોલીસ તંત્ર ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધર્યા છે. આગ કયાં કારણોસર લાગી એ તાત્કાલિક જાણી શકાયું નથી. તેમજ આ લખાય છે ત્યાં સુધી આગ ઉપર કાબૂ મેળવાયો નથી.

### નાળામાં પટકાતાં બસને ભારે નુકસાન

ભરૂચ: ભરૂચથી દહેજ થઇ વાગરા જઈ રહેલી સરકારી બસ નાંદરખા-પખાજણ રોડ પર અચાનક વળાંક આવતાં ડ્રાઈવરનો કાબૂ ગુમાવી બેઠો અને બસ રોડની સાઈડમાં આવેલા નાળા સાથે અથડાઈ ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઇને ઈજા થઈ ન હતી. જો કે, બસના આગળના ભાગે કમાન તૂટી ગઈ, રેડિએટર ફૂટી ગયું અને બસની બોડીને ભારે નુકસાન થયું હતું. બસ કંડક્ટર મનીષાબેન રમેશભાઈ ડાભીએ વાગરા પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, સવારે આશરે આઠ વાગ્યે ડ્રાઈવર અનિલભાઈ કિશનભાઈ રાઠવા બસ (નંબર GJ-18-Z-6048)ને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હતા. વળાંક આવતાં તેમણે એકાએક બ્રેક મારી, પરંતુ બ્રેક ન લાગતાં સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવીને બસ નાળા સાથે અથડાઈ ગઈ હતી. બસમાં 35 જેટલા મુસાફરો બચી ગયા હતા.

### તડકેશ્વર વિભાગ હાઈસ્કૂલનું HSCનું 78.78 ટકા પરિણામ



માંડવી: તડકેશ્વર વિભાગ હાઈસ્કૂલનું માર્ચ-2026ના એસ.એસ.સી. પરીક્ષાનું 78.78 % પરિણામ આવ્યું હતું. ધોરણ-10 માં કુલ 111 વિદ્યાર્થીઓ પરીક્ષા આપતાં 78 વિદ્યાર્થીઓ સફળ થયા હતા. પ્રથમ ક્રમે ફરીદાબાનુ અ-કાદર કડિયાએ 90% મેળવ્યા હતા. જ્યારે બીજા ક્રમે જીયા અજયભાઈ પટેલ 83.50% અને ત્રીજા ક્રમે ઐયુબ આસીફઈકબાલ ગંગાતે 77% સાથે સફળતા પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય તથા શિક્ષકોએ હર્ષની લાગણી સાથે અભિનંદન આપ્યા હતા.

### સાગબારામાં ગૌહત્યા વિરોધી રેલી

સાગબારા: ગૌ સન્માન અને સંરક્ષણ માટે 'ગૌ સન્માન આહવાન અભિયાન' હેઠળ સાગબારામાં શુક્રવારે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અંબાજી માતાના મંદિરથી શરૂ થઈ આ રેલી મામલતદાર કચેરી સુધી પહોંચી, જ્યાં ગૌપ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓએ ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ કરતું આવેદનપત્ર સોંપ્યું હતું.

### કુનબારમાં ભ્રષ્ટાચારના આક્ષેપ બાદ તંત્ર સફાળું જાગ્યું

ડેડિયાપાડા: ડેડિયાપાડાના કુનબાર ગામમાં વાસ્મો યોજના હેઠળ થયેલાં કામોમાં ગરબડી અને અનિયમિતતાના આક્ષેપો બાદ છેવટે તંત્ર સફાળું જાગ્યું છે. આમ આદમી પાર્ટીના નવનિયુક્ત ચુંટાયેલા સભ્યો અને ગ્રામજનો દ્વારા થોડા દિવસ પહેલા મીડિયામાં કરાયેલાં નિવેદનોને પગલે સંબંધિત અધિકારીએ ગામની સ્થળ મુલાકાત લીધી હતી. અધિકારીએ વાસ્મો યોજના હેઠળ થયેલા વિવિધ કામોની ચકાસણી કરી તથા ગ્રામજનો પાસેથી રજૂઆતો અને પ્રશ્નોની વિગતો મેળવી હતી. સાથે જ આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા સભ્યો સાથે ચર્ચા કરી કામોમાં થયેલી ખામીઓ અને ગડબડી અંગેની માહિતી મેળવી હતી. સ્થળ તપાસ દરમિયાન ગ્રામજનોએ પીવાના પાણી, પાઇપલાઇન તેમજ કામગીરીની ગુણવત્તા અંગે અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા. તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવાની અને જ્યાં ઘટતું હોય ત્યાં તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે.